(૧૦)

**પ્ર.૧ (અ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૦)**

૧. પોરસી એટલે શું? બે પોરસી એટલે શું? પ્રહર એટલે શું?

**જ. પોરસી એટલે સૂર્યોદય પછી એક પ્રહર સુધી ચારે આહારનો ત્યાગ કરવો તે. બે પોરસી બે પ્રહર આહાર નો ત્યાગ કરવો. પ્રહર એટલે ૩ કલાક નહિ, પરંતુ દિવસ અને રાત્રિનો ચોથો ભાગ.**

૨. સિદ્ધશિલા પર ભગવાન ક્યાં બિરાજે છે? સિદ્ધના જીવો ક્યાં છે? છટ્ઠો ભાગ એટલે કેટલું ક્ષેત્ર?

**જ. સિદ્ધશિલા ઉપર ૧ યોજનના છેલ્લા ગાઉના છટ્ઠે ભાગે બિરાજે છે. સિદ્ધના જીવો લોકના અગ્રભાગે છે. છટ્ઠો ભાગ એટલે ૩૩૩ ધનુષ્ય અને ૩૨ આંગુલ પ્રમાણ ક્ષેત્ર.**

૩. નમોત્થુણંમાં તીર્થંકરને કેટલી અને કઈ ઉપમા આપવામાં આવી છે?

**જ. છ. સિંહ, પુંડરિક કમળ, ગંધહસ્તિ, દીપક, દ્વીપ, સારથી.**

૪. બ્રહ્મચર્યનું પાલન કરવા શું કરવું જોઈએ? તે કેટલામું વ્રત છે?

**જ. ૧) સિનેમા, ટી.વી. જોતા અભ્યાસ કરવો નહિ. ૨) મર્યાદાવાળા વસ્ત્રો પહેરવા જોઈએ. ૩) મહાપુરુષોના જીવનની વાર્તાના પુસ્તકો વાંચવા જોઈએ. તે ચોથું અણુવ્રત છે.**

૫. લક્ષણ, સંવેગ, લબ્ધિ, ઉપમાએ **આ શબ્દો પ્રતિક્રમણના કયા પાઠમાં આવે છે?**

| | |
|---|---|
| **જ.** લક્ષણ – **પહેલા ખામણામાં** | સંવેગ – **પ્રતિક્રમણ સમાપ્તિ સૂત્ર** |
| લબ્ધિ – **માંગલિકમાં** | ઉપમાએ – **ત્રીજા નમોત્થુણંમાં, પાંચમા ખામણામાં** |

(૭૫)

**પ્ર.૨ (અ) પુચ્છિંસ્સુણં સૂત્રના આધારે જવાબ લખો.** **(૩૦)**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૨૦)**

૧. હત્થીસુ ...... ણાયપુત્તે **પાના નં. ૮૯ ગાથા ૨૧**

૨. સુદંસણ ...... નાણસીલે **પાના નં. ૮૭ ગાથા ૧૪**

૩. અણુત્તરગ્ગં ...... દંસણેણ **પાના નં. ૮૮ ગાથા ૧૭**

૪. ખેયન્ને ....... પેહિ **પાના નં. ૮૧ ગાથા ૩**

૫. સે સવ્વદંસી ...... અણાઉ **પાના નં. ૮૨ ગાથા ૫**

**(૨) નીચેના શબ્દોના અર્થ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. દિવિ ણં | **દેવલોકમાં** | ૨. દીવે વ | **દીપક સમાન** | ૩. દેવાહિવઈ | **દેવતાના અધિપતિ** |
| ૪. જલિએ વ | **દેદીપ્યમાન** | ૫. દેવાણ | **દેવતાઓમાં** | ૬. થણિયં વ | **મેઘગર્જનાની જેમ** |

**(૩) નીચેના શબ્દોના મૂળ પાઠ લખો.** **(૩)**

| | જવાબ | | જવાબ | | જવાબ |
|---|---|---|---|---|---|
| ૧. જાણો છો? | **જાણાસિણં** | ૨. જાણો | **જાણાહિ** | ૩. અનુભવે છે | **વેદયંતી** |

**(૪) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૪)**

૧. ભગવાન કેવું ધ્યાન ધરતા હતા? તે લખી માત્ર ગાથા લખો. (અર્થ નહિ)

**જ. શુક્લ ધ્યાન.**

**અણુત્તરં ધમ્મમુઈરઈત્તા, અણુત્તરં ઝાણવરં ઝિયાઈ ।**
**સુસુક્કસુક્કં અપ્પગંડસુક્કં, સંખિંદુ એગંતવદાતસુક્કં ॥**

૨. ભગવાન શા માટે પ્રતિવાદીઓ માટે અજેય હતા? મેરુપર્વત શા માટે અજેય છે?

**જ. પ્રમાણ, નય, નિક્ષેપ, અનેકાંતવાદની ગહનતા માટે તથા ગૌતમ આદિ શિષ્યોને કારણે પ્રતિવાદીઓ માટે અજેય હતા. મેખલા આદિ ઉપપર્વતોને કારણે મેરુપર્વત અજેય છે.**

**(આ) કાયસ્થિતિના આધારે જવાબ લખો. (૩૦)**

**(૧) કોઠો બનાવીને નીચેના બોલની જઘન્ય અને ઉત્કૃષ્ટ કાયસ્થિતિ લખો. (૧૦)**

**જ.**

| **બોલનું નામ** | **જઘન્ય સ્થિતિ** | **ઉત્કૃષ્ટ સ્થિતિ** |
|---|---|---|
| ૧. અચરમ સિદ્ધ | **–** | **સાદિ અનંત** |
| ૨. મન:પર્યવજ્ઞાન | **૧ સમય** | **દેશે ઊણા પૂર્વ ક્રોડ વર્ષ** |
| ૩. કાય પરિત્ત | **અંતર્મુહૂર્ત** | **અસંખ્યાતકાળ (પુઢવીકાળ)** |
| ૪. આહારક છદ્મસ્થ | **૩ સમય ન્યૂન એક ક્ષુલ્લક ભવ** | **અસંખ્યાતકાળ (બાદરકાળ)** |
| ૫. તેઉકાય પર્યાપ્તા | **અંતર્મુહૂર્ત** | **સંખ્યાતા દિવસ** |
| ૬. અસંયત<br>અસંયત સાદિ સાંત | **–**<br>**અંતર્મુહૂર્ત** | **અનાદિ અનંત, અનાદિ સાંત, સાદિ સાંત**<br>**દેશે ઊણું અર્ધ પુદ્ગલ પરાવર્તન** |
| ૭. દેવી | **૧૦ હજાર વર્ષ** | **૫૫ પલ્ય** |
| ૮. સૂર્યકાંત રત્ન | **અંતર્મુહૂર્ત** | **૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ** |
| ૯. ચક્ષુદર્શન | **અંતર્મુહૂર્ત** | **૧ હજાર સાગર સાધિક** |
| ૧૦. સૂક્ષ્મ સંપરાય ચારિત્ર | **૧ સમય** | **અંતર્મુહૂર્ત** |

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૫)**

૧. કાયસ્થિતિ એટલે શું? તેની બીજી ગાથા લખી કાયસ્થિતિના ૫ થી ૮ દ્વારના નામ લખો. (૫)

**જ. કાયસ્થિતિ એટલે પૃથ્વીકાય આદિ એક જ કાયનો જીવ તે જ કાયમાં વારંવાર જન્મ–મરણ કરતો રહે અને બીજી કાય (અપ્કાય, તેઉકાય વગેરે) માં ન ઉપજે ત્યાં સુધીની સ્થિતિ.**

**ભાસગ પરિત્ત પજ્જત્ત સુહુમ, સન્ની ભવઽત્થિ ચરિમેય ।**
**એએસિં તુ પયાણં, કાયઠિઈ હોઈ નાયવ્વા ।।**

**૫) યોગ, ૬) વેદ, ૭) કષાય, ૮) લેશ્યા.**

૨. વર્તમાને ભરતમાં કેટલા અને કયા કયા જ્ઞાન છે? તેની સ્થિતિ લખો. (૪)

**જ. વર્તમાને ભરતમાં ત્રણ જ્ઞાન છે – મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન.**
**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાનની સ્થિતિ – સાદિ સાંત. સાદિ સાંત જ. અંત્તર્મુહૂર્ત ઉ. ૬૬ સાગર અધિક.**
**અવધિજ્ઞાનની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૬૬ સાગર અધિક.**

૩. ચૌરેન્દ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કેટલી છે? શા માટે? અનિન્દ્રિયમાં કોનો સમાવેશ થાય છે? (૨×૩)

**જ. સંખ્યાતો કાળ. ચૌરેન્દ્રિયમાં દરેક જીવ સળંગ સંખ્યાતા ભવ સુધી જ રહી શકે છે.**
**ભવસ્થ કેવળી એટલે ૧૩ મા, ૧૪ મા ગુણસ્થાનવાળા અને સિદ્ધના જીવો.**

૪. મનુષ્યની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ કેટલી છે? શા માટે? સિદ્ધપણાનો અંત શા માટે નથી?

**જ. ૩ પલ્ય અને પ્રત્યેક ક્રોડપૂર્વ. મનુષ્યના સળંગ ૮ ભવ થાય છે. તેમાં ૭ ભવ ક્રોડપૂર્વ આયુષ્યવાળા અને ૮ મો અંતિમ ભવ દેવકુરુ આદિ જુગલિયાનો એ પ્રકારે ૭ ક્રોડપૂર્વ અધિક ૩ પલ્ય સમજવું. અસંખ્યાત વર્ષના જુગલિયા દેવલોકમાં જ જાય છે.**

૫. ઉ.અસંખ્યાતો કાળ (બાદરકાળ) અને ૩૩ સાગર અંત. અધિક સ્થિતિ હોય તેવા બોલના નામ લખો.

**જ. ઉ. અસંખ્યાતો કાળ (બાદરકાળ) – સમુચ્ચય બાદર, બાદર વનસ્પતિ, આહારક છદ્મસ્થ, બાદર અને ૩૩ સાગર અંત. અધિક સ્થિતિ – કૃષ્ણ લેશ્યા, શુક્લ લેશ્યા.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૫)**

| | | **જવાબ** |
|---|---|---|
| ૧. દેવની જે ....... છે તે જ તેમની ....... છે. | | **ભવસ્થિતિ, કાયસ્થિતિ** |

૨. ....... અને ........ માં યોગનો સર્વથા અભાવ હોય છે. **૧૪ મા ગુણસ્થાન, સિદ્ધ અવસ્થા**

૩. સલેશીની કાયસ્થિતિ ........ અને ....... જીવની અપેક્ષાએ છે. **અભવી, ભવી**

૪. જીવ ........ કે ........ થઈ જવાથી મતિઅજ્ઞાની બની જાય છે. **મિથ્યાદૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ**

૫. ....... અને ....... જીવોને અવધિદર્શન તો હોય જ છે. **વિભંગજ્ઞાની, અવધિજ્ઞાની**

**(ઈ) બાર તપના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૨)**

૧. ઈંગિત મરણ એટલે શું? તેના ભેદ લખો.

**જ. જાવજ્જીવ પર્યંત ચારે આહારનો ત્યાગ કરવો. શરીર સંસ્કાર, હલનચલન, પ્રતિક્રમણ આદિ જરૂરથી કરે, દિશાની મર્યાદા કરે, વિહાર ન કરે, વૈયાવચ્ચ કરાવે અથવા ન કરાવે. તેના બે ભેદ – વ્યાઘાત, નિર્વ્યાઘાત.**

૨. પ્રતિસંલીનતા તપના કેટલા પ્રકાર છે? તેમાંથી યોગ અને ઈન્દ્રિય સંબંધી કેટલા? કયા?

**જ. ૧૩. યોગ સંબંધી ત્રણ. મન, વચન અને કાયાના યોગોને ઉન્માર્ગમાંથી રોકીને સન્માર્ગે પ્રવર્તાવવા. ઈન્દ્રિય સંબંધી પાંચ. ૫ ઈન્દ્રિયોને પોતપોતાના વિષયમાં જતી રોકવી, પ્રાપ્ત વિષયમાં (રાગ–દ્વેષ) વિકાર ન કરવો.**

૩. વિનયના મુખ્ય ભેદ કેટલા? કયા? તે દરેકના ઉત્તર ભેદ કેટલા? તેની માત્ર સંખ્યા લખો.

**જ. સાત. જ્ઞાન વિનયના ૫, દર્શન વિનયના ૫૫, ચારિત્ર વિનયના ૫, મન વિનયના ૨૪, વચન વિનયના ૨૪, ચારિત્ર વિનય ૧૪, વ્યવહાર વિનયના ૭. ઉત્તર ભેદ ૧૩૪. ૫+૫૫+૫+૨૪+૨૪+૧૪+૭.**

૪. વૈયાવચ્ચ એટલે શું? તેના પહેલા ચાર ભેદ લખો. તે કયા તપનો ભેદ છે?

**જ. આહાર, પાણી, ઔષધ આદિથી સેવા કરવી તે. આચાર્ય, ઉપાધ્યાય, નવદીક્ષિત, રોગી. આભ્યંતર તપ.**

૫. પ્રાયશ્ચિત્તથી શું થાય છે? તેના કુલ ભેદ કેટલા? પહેલા બે લખો.

**જ. વ્રત પાલનમાં થયેલા અતિચાર અથવા દોષોની વિશુદ્ધિ થાય છે. તેના ભેદ ૫૦. ૧) ગુરુ આદિ સન્મુખ પાપની આલોચના કરે. ૨) પાપ અથવા અશુભયોગથી પાછા ફરી મિચ્છામિ દુક્કડં કહી પ્રતિક્રમણ કરે.**

૬. ભાવ કાયોત્સર્ગ એટલે શું? તેના ભેદ લખો. તે કયા તપનો કેટલામો ભેદ છે? તે તપના કેટલા ભેદ છે?

**જ. આત્મ ભાવોથી ભિન્ન ભાવોનો ત્યાગ કરવો. તેના ત્રણ ભેદ ૧) કષાય કાયોત્સર્ગ ૨) સંસાર કાયોત્સર્ગ ૩) કર્મ કાયોત્સર્ગ. તે આભ્યંતર તપનો છટ્ઠો ભેદ છે. તે તપના સાત ભેદ છે.**

**(૨) નીચેના કાર્યો કયા તપના છે? (૩)**

| | જવાબ | | જવાબ |
|---|---|---|---|
| ૧. ભાઈ પર ક્રોધ અ ાવ્યો પણ ક્રોધ ન કરે. | **ઉણોદરી** | ૨. વાંચણી કરવી. | **સ્વાધ્યાય** |
| ૩. શ્રેણિકે શિકાર કરી આનંદ માન્યો. | **ધ્યાન** | ૪. રાતની રોટલી લેવી. | **વૃત્તિસંક્ષેપ** |
| ૫. સિંહાસન પર બેઠેલા વ્યક્તિની જેમ બેસવું. | **કાયકલેશ** | ૬. વિગયરહિત આહાર કરે. | **રસપરિત્યાગ** |

**પ્ર.૩ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. કેશી સ્વામીનો પરિચય આપો. તેમને કયા જ્ઞાન હતા? તેઓ કોના શિષ્ય હતા? તેમના ગુરુ કેવા હતા? તેઓ કઈ નગરીના કયા ઉદ્યાનમાં ઉતર્યા? (૫)

**જ. કુમાર શ્રમણ કેશી સ્વામી જ્ઞાન અને ચારિત્રના પારગામી, મહાયશસ્વી, સમ્યક્ જ્ઞાન, સમ્યક્ દર્શન અને સમ્યક્ ચારિત્રની આરાધના કરતા હતા. તેમને મતિ જ્ઞાન, શ્રુત જ્ઞાન, અવધિ જ્ઞાન હતું. તેઓ પાર્શ્વનાથ ભગવાનના શિષ્ય હતા. તેઓ શ્રાવસ્તી નગરીના તિંદુક ઉદ્યાનમાં ઉતર્યા.**

**રાગ–દ્વેષના વિજેતા, નરેન્દ્ર (રાજા), દેવેન્દ્રથી (દેવોના રાજા) પૂજાયેલા તથા વંદિત, તત્ત્વજ્ઞાની સર્વજ્ઞ, ધર્મતીર્થની સ્થાપના કરવાવાળા, સર્વ કર્મોને જીતવાવાળા, લોકમાં દીપક સમાન સંસારના સર્વ પદાર્થોને પોતાના જ્ઞાન દ્વારા પ્રકાશિત કરનાર ૨૩ મા તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનના શિષ્યાનુશિષ્ય હતા.**

૨. શત્રુ કોણ છે? ગૌતમ સ્વામીએ શત્રુને જીતવા માટે શું ઉપાય બતાવ્યો? (૪)

**જ. વશ ન કરેલો પોતાનો આત્મા જ પોતાનો શત્રુ છે. તેને આગમ વિધિ દ્વારા જીતવો જોઈએ. શાસ્ત્રોક્ત**

**વિધિ આ પ્રમાણે છે – શ્રુતજ્ઞાનની લગામ દ્વારા સાહસિક આત્મારૂપી ઘોડાને જીતવો જોઈએ. ક્ષમા દ્વારા ક્રોધને, નમ્રતા દ્વારા અભિમાનને, સરળતા દ્વારા માયાને અને સંતોષ દ્વારા લોભને જીતવો જોઈએ. પ્રતિસંલીનતા દ્વારા ઈન્દ્રિયોની અશુભ ક્રિયાને રોકવી જોઈએ.**

૩. બાહ્ય આચારમાં શા માટે ભિન્નતા આવે છે? ત્યારે શું કરવું જોઈએ? (૨×૩)

**જ. બાહ્ય આચાર વ્યવહારમાં ક્ષેત્ર, કાળની યોગ્યતાઓ અનુસાર ક્યારેક કાંઈક ભિન્નતા આવે છે. ત્યારે તે વિભિન્નતાનું રહસ્ય જાણીને વિશાળતાથી તેનો સમન્વય કરવો જોઈએ.**

૪. આત્માનું શાશ્વત સ્થાન કયું છે? તે કેવું છે? કયા નામથી પ્રસિદ્ધ છે? તેને કોણ પ્રાપ્ત કરી શકે છે?

**જ. આત્માનું શાશ્વત સ્થાન લોકાગ્રે આવેલું છે. તે સ્થાન ક્ષેમકારી, કલ્યાણકારી અને અવ્યાબાધ સુખરૂપ છે. તે સ્થાન નિર્વાણ સ્વરૂપ, વિઘ્ન રહિત, સિદ્ધક્ષેત્ર, લોકાગ્ર નામથી પ્રસિદ્ધ છે. ભવપરંપરાનો અંત કરનારા મહામુનિ પ્રાપ્ત કરી શકે છે.**

૫. ગૌતમ સ્વામી કેશી કુમાર શ્રમણ પાસે સામેથી શા માટે આવ્યા? બંને કોના સમાન શોભતા હતા?

**જ. કેશી કુમાર શ્રમણ ૨૩ મા તીર્થંકર ભગવાન પાર્શ્વનાથના શિષ્યાનુશિષ્ય હતા તેથી તેમના કુળને જ્યેષ્ઠ (મોટું) જાણીને ગૌતમ સ્વામી સામેથી આવ્યા. બંને ચંદ્ર અને સૂર્ય સમાન શોભતા હતા.**

**અથવા**

**પ્ર.૩ ભક્તામરના આધારે જવાબ લખો.**

**(૧) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૧૨)**

૧. મન્યેવરં ........ **પાના નં. ૧૩૪ ગાથા ૨૧** ૨. ચિત્રં ......... **પાના નં. ૧૩૧ ગાથા ૧૫**

૩. કિં શર્વરીષુ ........ **પાના નં. ૧૩૩ ગાથા ૧૯**

**(૨) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૩)**

૧. મુનિઓ આપને શું માને છે?

**જ. મુનિઓ આપને પરમ પુરુષ, અંધકારને દૂર કરવામાં સૂર્ય સમાન તેજસ્વી અને નિર્મળ માને છે.**

૨. ચંદ્રનું મંડળ કેવું છે?

**જ. કલંકથી મલિન થયેલું અને દિવસે જીર્ણ થયેલા પાંદડાની જેમ ફિક્કું પડી જતું ચંદ્રનું મંડળ છે.**

૩. પૂર્વ દિશા કોને જન્મ આપે છે?

**જ. પ્રકાશમાન કિરણના સમૂહથી યુક્ત એવા સૂર્યને જન્મ આપે છે.**

**જય – જિનેન્દ્ર**